મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૬-૧૦-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૮૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## ગુજરાતના વિકાસ મોડેલનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીઘર્દ્રષ્ટિવાળા નેતૃત્વને : મહાનુભાવોનો એકસૂર

# મહેસાણા જિલ્લાને રૂ.૬૦ કરોડના ૧૯૧ વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ

# મહાનગરપાલિકા વિસ્તારમાં આઇકોનિક વિકાસ કાર્યો ઉપર ભાર

## જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલના અધ્યક્ષસ્થાને લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો







(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે મહેસાણા ટાઉનહોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલના અધ્યક્ષસ્થાને લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અંદાજિત રૂપિયા ૬૦ કરોડના ૧૯૧ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક, મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ અને જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોદન કરતા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલે જણાવ્યું હતું કે, ૭ ઓક્ટોબર, ૨૦01 થી આજ દિન સુધી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વિકાસના અનેક સોપાનોની ભેટ ગુજરાતને મળી છે, જેના કારણે આજે ગુજરાત વિશ્વભરમાં રોલ મોડલ તરીકે સ્થાપિત થયું છે. તેમણે ઉમેર્યું કે મહેસાણાને મહાનગરપાલિકાની ભેટ મળતા અનેક નવા વિકાસ કામો થઈ રહ્યા છે, જેમાં આઈકોનિક રોડ, તળાવ બ્યુટીફિકેશન, વોલપેઈન્ટિંગ તેમજ રોડ-રસ્તા સહિતના અનેક વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે, જેના પરિણામે મહેસાણાવાસીઓની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

રાજ્ય સભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયકે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાતની ધૂરા સંભાળી હતી, ત્યારે તેમણે ૧૦૮ની સેવા, જ્યોતિગ્રામ યોજના, કન્યા કેળવણી, કૃષિ મહોત્સવ જેવા અનેક અભિયાનો અને યોજનાઓનું સફળ અમલીકરણ કરાવ્યું હતું, જેના પરિણામે આજે ગુજરાત અન્ય રાજ્યો માટે રોલ મોડેલ બન્યું છે. મહેસાણા જિલ્લાની વાત કરતા સાંસદશ્રીએ ઉમેર્યું હતું કે મહેસાણામાં ૮ થી વધુ યુનિવર્સિટીઓ, મેડિકલ, નર્સિંગ અને એન્જિનિયરિંગ સહિતની અનેક કોલેજો આવેલી છે, અને મોટી કંપનીઓએ અહીં રોકાણ કર્યું છે. તાજેતરમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના કારણે આ વિસ્તારમાં અનેક ઉદ્યોગકારો રોકાણ માટે આવશે, જેનો લાભ ઉત્તર ગુજરાતની જનતાને મળશે.

મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે અને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, જેના પરિણામે મહેસાણા જિલ્લાને પણ આ વિકાસનો લાભ મળ્યો છે અને નાગરિકોને આજે રૂ. ૬૦ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ મળી છે. તેમણે ઉમેર્યું હતું કે છેવાડાનો માનવી સામાન્ય પ્રવાહમાં કઈ રીતે ભળી શકે તે માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓનું સફળ અમલીકરણ કરાવાયું છે, અને આ યોજનાઓના લાભો છેવાડાના માનવીને સરળતાથી ઘર આંગણે મળી રહે તે માટે વિવિધ કેમ્પો/કાર્યક્રમ યોજી લાભાર્થીઓને લાભો અપાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે મહેસાણા મહાનગરપાલિકાના વહીવટદાર અને જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ને રાજ્ય સરકાર શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવી રહી છે, ત્યારે વિકાસ સપ્તાહ અંતર્ગત મહેસાણા જિલ્લામાં ૭ ઓક્ટોબરથી વિવિધ વિભાગો દ્વારા લોકોને યોજનાકીય જાણકારી મળી રહે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે આજે મહેસાણા જિલ્લાના નાગરિકોને અંદાજિત રૂપિયા ૬૦ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે અને મહેસાણામાં આઈકોનિક રોડ, સ્વચ્છતા, તળાવ બ્યુટીફિકેશન સહિતના અનેકવિધ વિકાસ કામો હાથ ધરાયા છે.

આ કાર્યક્રમમાં અગ્રણી સર્વે શ્રી કિરણસિંહ રાણા, શ્રી એન. વી. પટેલ, શ્રી દીપકભાઈ ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી એ.બી. મંડોરી, શ્રી દર્શનસિંહ ચાવડા સહિત મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણામાં વિકાસ સપ્તાહ અંતર્ગત સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે વ્યાખ્યાનમાળા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના મહેસાણા સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા વિકાસ સપ્તાહ – ૨૦૨૫ અંતર્ગત જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બીરેનભાઈ પટેલની અધ્યક્ષતામાં વ્યાખ્યાનમાળા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં અસાઈત સાહિત્ય સભાના આદ્યતંત્રીશ્રી વિનાયકભાઈ રાવલ તથા મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રી જે. કે. જાળીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

વિકાસ સપ્તાહ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં મહેસાણા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બીરેનભાઈ પટેલે યુવા સશક્તિકરણ વિષય પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ નિબંધ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ખેરવા સી.આર.સી. કો-ઓર્ડિનેટર હેતલ મહેતાના રચનાત્મક ગ્રંથ 'મને વહાલા મહાદેવ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. સાહિત્યકાર વિનાયકભાઈ રાવલે સાહિત્યના સમાજ પર પડતા પ્રભાવ અને 'મને વહાલા મહાદેવ'



ગ્રંથની વિશિષ્ટતાઓ વિષે પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રી જાળીયાએ ગ્રંથાલયના મહત્વ અને જ્ઞાનપ્રચારના કાર્યમાં યુવાનોની ભાગીદારી વિષે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ગ્રંથપાલ ભગવતીબેન પ્રજાપતિ તેમજ પીનાબેન પટેલ સહિત વાચકો ઉપસ્થિત રહ્યા હતા.

### દિવાળીને લઇ ખરીદી માટે ધસારો વધતાં તંત્ર દ્વારા કડક અમલ

## મહેસાણા તોરણવાળી ચોકમાં એક સાઈડ લારીઓ ખદેડી વાહનો માટે રસ્તો બંધ કરી દેવામાં આવ્યો

**આઝાદ ચોકથી તોરણવાળી ચોક આવતા રસ્તાની એક સાઈડ બેરીકેટ મૂક્યા**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

દિવાળીના તહેવારો નજીક આવતાં મહેસાણા શહેરના હાર્દસમા તોરણવાળી બજાર ચોકમાં સાંજ પડતાં જ ચીજવસ્તુઓની ખરીદી માટે લોકોની ભારે ભીડ જામી રહી છે. બીજી બાજુ, અહીં સતત વાહનોનો પણ ધસારો રહેતો હોવાથી ખરીદી માટે આ વતાં લોકોને અગવડ ના પડે એટલા માટે મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા આઝાદ ચોકથી તોરણવાળી ચોકમાં આવતા રસ્તાની સાઈડ બેરીકેટ મૂકીને બંધ કરવામાં આ વી છે.

આ જ રીતે જૂના રેલ્વે સ્ટેશન



સાઈડ પણ બેરીકેટ મૂકીને વાહન માટે તોરણવાળી ચોક તરફનો રસ્તો બંધ કરાયો હતો. આ પહેલાં તંત્ર દ્વારા તોરણવાળી ચોકમાં એક સાઈડ લારીઓ ખદેડવામાં આવી હતી અને વાહનો માટે રસ્તો બંધ કરી દેવાયો હતો.

### શિક્ષણનું સ્તર સુધારવા માટે જ્ઞાન સહાય શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ

## મહેસાણા જિલ્લામાં જ્ઞાન સહાયક ભરતી પ્રક્રિયા નિષ્ફળ નિવડી : માત્ર ૩૮ જેટલા શિક્ષકો મળ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટે જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ, મહેસાણા જિલ્લામાં આ ભરતી પ્રક્રિયા અપેક્ષા મુજબ સફળ રહી નથી. જિલ્લાના માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા કુલ ૫૧ જ્ઞાન સહાયક શિક્ષકોની જરૂરિયાત સામે ટાટ (TAT) પાસ ઉમેદવારો માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ કેમ્પના અંતે માત્ર ૩૮ શિક્ષકો જ મળ્યા છે.સવાલ એ થાય છે કે, જ્યારે હજારોની સંખ્યામાં શિક્ષક ભરતીની



માંગણી છે અને લાયકાત ધરાવતા ટાટ પાસ શિક્ષકો ઉપલબ્ધ છે તો પણ ૧૩ જગ્યાઓ ખાલી કેમ રહી? વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ પસંદગી પામેલા અને તમામ લાયકાત ધરાવતા શિક્ષકોને પોતાની પસંદગીની જગ્યા (જિલ્લો કે શાળા) ન મળવાના કારણે તેઓ નિમણૂક સ્વીકારતા નથી એટલે કે લાયક શિક્ષકો હોવા છતાં ભરતી પ્રક્રિયા અને પસંદગીના માપદંડોને કારણે આ જગ્યાઓ ખાલી પડી રહી છે.હવે બાકી રહેલી શિક્ષકોની જગ્યાઓ ભરવા માટે વહીવટી તંત્ર દ્વારા ફરીથી કેમ્પનું આયોજન કરવાની ફરજ પડી છે. જ્યાં એક તરફ યુવાનો સરકારી નોકરી માટે તનતોડ મહેનત કરે છે ત્યાં બીજી તરફ લાયક ઉમેદવાર મળવા છતાં જગ્યાઓ ખાલી રહે તે શિક્ષણ વિભાગ માટે એક પડકારરૂપ સ્થિતિ છે.

### મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જશવંત કે જેગોડા દ્વારા સુધારા હુકમ જાહેર

## મહેસાણા શહેરમાં બસ-લકઝરી બસોની પ્રવેશ કરવા મુક્તિ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના અગાઉના જાહેરનામા અનુસાર મહેસાણા શહેરમાં સવારે ૬:00 થી કલાકથી રાત્રિના ૨૪:00 કલાક સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવેલ હતો પરંતુ મહેસાણા શહેર લકઝરી બસ એસોશીએશન, વિવિધ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને લઈ મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જશવંત કે જેગોડા દ્વારા બસ/લકઝરી બસોની મહેસાણા શહેરમાં પ્રવેશ કરવા મુક્તિ આપતું સુધારા હુકમ ફરમાવતું જાહેરનામુ



પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર મહેસાણા જિલ્લામાં જાહેર તથા ખાનગી કંપનીમાં કામ કરતાં કર્મચારીઓને પીકઅપ એન્ડ ડ્રોપની સવલત આપતી બસોને, જિલ્લામાં તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલી બસોજે શાળા/કોલેજના વિધાર્થીઓને લાવવા લઈ જવા માટે વપરાશમાં હોય તેવી બસ/લકઝરીને, મહેસાણા શહેરમાં કોઈ શુભ કે અશુભ પ્રસંગે આવન-જાવન કરતી લકઝરી બસો યોગ્ય પુરાવા રજુ કરે તો મહેસાણા જિલ્લાની લકઝરી બસો રાત્રીના ૨૧/30 થી સવારના ૦૮/00 સુધી જ પ્રવેશ કરી શકશે.




# ભારતે તમામ મોરચે સતર્ક રહેવું જોઈએ

આજની ભૂરાજકીય ઘટનાઓનું વિશ્લેષણ સ્પષ્ટપણે દર્શાવે છે કે રાષ્ટ્રો વચ્ચેના સંબંધો વાસ્તવિકતા અને સહિયારા લાભો દ્વારા મજબૂત બનાવી શકાય છે, વિચારધારા અને સહિયારા મૂલ્યો દ્વારા નહીં. બીજા વિશ્વયુદ્ધથી યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ સાચું રહ્યું છે, અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન તે વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે. જો આવું ન હોત, તો ×આતંકવાદ સામે યુદ્ધ× શરૂ કરનાર યુનાઈટેડ સ્ટેટ્સે પાકિસ્તાનને પ્રાથમિકતા ન આપી હોત, જે એક છદ્મ-લોકશાહી છે જે આતંકવાદને તેની ×રાજ્ય નીતિ× તરીકે ઉપયોગ કરે છે અને મોટાભાગે લશ્કરી સરમુખત્યારશાહી હેઠળ રહે છે, ભારત પર, જે સૌથી મોટા લોકશાહી દેશ છે.ભારતની વિદેશ નીતિ પણ આદર્શવાદથી પ્રભાવિત હતી અને લાંબા સમયથી લોકશાહી, માનવ અધિકારો અને ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધો સ્થાપિત કરવાની સ્વતંત્રતા જેવા રાષ્ટ્રીય મૂલ્યો પર આધાર રાખતી હતી, જેના પરિણામે અસંખ્ય નુકસાન થયું હતું. વડા પ્રધાન મોદીના શાસનમાં આ બદલાયું છે. ભારતે પણ વૈશ્વિક રાજકારણમાં શુદ્ધ વાસ્તવિકતા અપનાવવાનું શરૂ કર્યું છે.

ભારત હવે વિદેશ નીતિમાં પોતાની માન્યતાઓ કરતાં જરૂરિયાતો અને હિતોને પ્રાથમિકતા આપે છે. અફઘાન વિદેશ પ્રધાન અને તાલિબાન નેતા અમીર ખાન મુત્તાકીનું ભારત દ્વારા આયોજન આનું ઉદાહરણ છે. એ નોંધવું જોઈએ કે ભારત મુત્તાકીના સંગઠન, તાલિબાન દ્વારા રજૂ કરાયેલ કટ્ટરપંથી ઈસ્લામિક વહાબી વિચારધારાને સમજવા કે સ્વીકારવા તૈયાર નથી, તેને ટેકો તો આપવા જ તૈયાર નથી. જો કે, વાસ્તવિક અભિગમ દર્શાવતા, ભારતે મુત્તાકીનું સ્વાગત કરવામાં કોઈ કસર છોડી નથી.

નવી દિલ્હીમાં, વિદેશ મંત્રી એસ. જયશંકરે અમીર ખાન મુત્તાકી સાથે મુલાકાત કરી. ભારતે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ભારતે કાબુલમાં તેના ટેકનિકલ મિશનને સંપૂર્ણ દૂતાવાસનો દરજ્જો આપવાની જાહેરાત કરી, જે તાલિબાન સાથેના સંબંધોમાં સુધારો દર્શાવે છે. જયશંકરે સદ્ભાવનાના સંકેત તરીકે પાંચ એમ્બ્યુલન્સ પણ સોંપી, જે અફઘાન લોકો પ્રત્યે ભારતના માનવતાવાદી અભિગમ પર ભાર મૂકે છે. મુત્તાકીએ ભારતને ×નજીકનો મિત્ર× પણ માન્યો અને પરસ્પર વિકાસ અને પ્રાદેશિક સ્થિરતા માટે ગાઢ સહયોગનું વચન આપ્યું. તેમણે જમ્મુ અને કાશ્મીરને ભારતનો અભિન્ન ભાગ ગણાવ્યો.

મુત્તાકીએ ખાતરી આપી કે અફઘાન પ્રદેશનો ઉપયોગ ભારત સહિત કોઈપણ દેશ સામે ધાકધમકી કે નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવશે નહીં. ભારતે છ વિકાસ પ્રોજેક્ટ્સ,એમઆરઆઈ અને સીટી સ્કેનર્સ જેવા તબીબી સાધનો, રસીઓ, કેન્સરની દવાઓ અને યુએન-સમર્થિત ડ્રગ ડિ-એડિક્શન સહાય સહિત નવી માનવતાવાદી પહેલોનું પણ વચન આપ્યું. મુત્તાકીએ ભારતીય કંપનીઓને અફઘાનિસ્તાનના ખાણકામ, ઊર્જા, માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી ક્ષેત્રોમાં રોકાણ કરવા આમંત્રણ પણ આપ્યું. ભારતે હજુ સુધી તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપી નથી, પરંતુ આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની શક્યતાઓ ખોલી શકે છે.

આજે અફઘાનિસ્તાનની સ્થાનિક અને પ્રાદેશિક વાસ્તવિકતાઓ ભૂતકાળની સરખામણીમાં બદલાઈ ગઈ છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનનો કોઈ મજબૂત, સંગઠિત વિરોધ નથી. પરિણામે, ભારત પાસે તાલિબાન સાથે સહયોગ વધારવા સિવાય કોઈ વિકલ્પ નથી. ભારત તેની ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન કરવા માંગતું નથી, જ્યારે તે અગાઉની તાલિબાન સરકાર સાથે સંપર્ક જાળવી રાખવામાં નિષ્ફળ ગયું હતું અને ૧૯૯૯ ની કંદહાર વિમાન અપહરણની ઘટનાના પરિણામો ભોગવ્યા હતા. પાકિસ્તાની આતંકવાદીઓ વિમાનને કંદહાર લઈ ગયા. જો ભારતે તે સમયે તાલિબાન સાથે સંપર્ક જાળવી રાખ્યો હોત, તો વિમાનને મુક્ત કરવા માટેની શરતો ઓછી કડક બનાવી શકાઈ હોત.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# સુઈગામ ખાતે આમ આદમી પાર્ટીની મિટિંગમાં લોકોની પાંખી હાજરી

## પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ પૂરમાં સહાય આપવામાં નિષ્ફળ જતાં ભાજપ સરકારને આડેહાથ લીધી. કોંગ્રેસને આહવાન કર્યું

### પૂર પીડિત ખેડૂતોને પાક નુકશાન પેટે એકર દીઠ ૧=૫૦ લાખ વળતરની માંગ કરી

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૫

આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ સરહદી થરાદ,વાવ અને સુઈગામ તાલુકાના પૂરગ્રસ્ત ગામોની બુધવારે મુલાકાત કરી હતી, અને સ્થાનિક ખેડૂતો સાથે ચર્ચા કરી પરિસ્થિતિ જાણી હતી, પૂરની પરિસ્થિતિની પીડા ભોગવતા ખેડૂતો,પશુપાલકો ખેતમજૂરોને હજુ સુધી સરકાર તરફથી કેસડોલ્સ, ઘરવખરી, પાક નિષ્ફળ કે જમીન ધોવાણની કોઈ સહાય મળી નથી,ખેતીની જમીનમાં પાણી ભરાઈ જવાના કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો અને શિયાળુ સિઝન પણ નિષ્ફળ જવાની ચિંતામાં ખેડૂત મૂંઝાઈ રહ્યો છે, જમીની સ્તરે ખેડૂતો,મજૂરો, પશુપાલકોની પીડા જાણી હતી, બાદ સુઈગામ ખાતે આયોજિત જાહેર સભામાં તેમણે સંબોધન કર્યું હતું, તેમણે જણાવ્યું કે વાવ થરાદ જિલ્લામાં પૂરથી પીડિત છે,લોકો અનેક વિધ સમસ્યા થી પીડાઈ રહ્યા છે, લોકોની હાલત દયનીય છે, લોકોની પીડા સરકારને દેખાતી નથી, ખેડૂતોની હજારો હેક્ટર જમીનમાં પાણી ભરાયેલા છે, સરકાર વિકાસની વાતો કરે છે,પણ સરકારના કદડાઓએ કડદા કરીને એમનો વિકાસ કર્યો છે, તેમણે જણાવ્યું કે બોટાદમાં ખેડૂતોની ક્રાંતિની શરૂઆત થઈ છે, એ ક્રાંતિની હવા આખા દેશમાં ફૂંકાવાની શરૂઆત થઈ છે, આ ક્રાંતિ આખા ગુજરાતમાં છઁસ્ઞ માં થતી કડદા પધ્ધતિ બંધ કરાવી ને રહેશે,ભાજપિયાઓને ઘરભેગા કરવાના છે, તેમણે કોંગ્રેસને આપમાં જોડાવા માટે આહવાન કર્યું હતું,અહીં મુખ્યમંત્રી આવ્યા પણ કોઈને હજુ સુધી કોઈ સહાય આપી નથી,એ સરકારની નિષ્ફળતા દર્શાવે છે, જે ખેડૂતો,પશુપાલકો,મજૂરોની પીડા સમજી ના શકે એને નેતાગીરી કરવાની જરૂર નથી,ઘરભેગા થઈ જવું જોઈએ, કોંગ્રેસ અને ભાજપ બંને પાર્ટીઓને આડેહાથ લીધા હતા.


(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

**આપ પ્રદેશ અધ્યક્ષની સભામાં લોકોની પાંખી હાજરી**

**સુઈગામ ખાતે આયોજિત આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીની જાહેર સભામાં લોકોની પાંખી હાજરી જોવા મળી હતી, પ્રદેશ અધ્યક્ષની સભા હોવા છતાં આ વિસ્તારના કોઈ સ્થાનિક સામાજિક આગેવાન કે નેતા સભામાં જોવા મળ્યા ન હતા,**

**ખેડૂતોને હેક્ટર દીઠ ૧.૫૦ લાખ વળતર આપવા માંગ કરી**

**પૂરના ૪૦ દિવસ બાદ પણ હજુ કેટલાય લોકો કેસડોલ,ઘરવખરી, પાક નિષ્ફળ, જમીન ધોવાણ સહિતની સહાયથી વંચિત હોઈ સરકારને આડેહાથ લીધી હતી,બને તમામ ખેડુતોને હેક્ટર દીઠ ૧.૫૦ લાખ સહાય આપવા તેમણે માંગ કરી હતી,અને જો તાત્કાલિક સહાય નહીં ચૂકવાય તો આંદોલન કરવાની ચીમકી આપી હતી.**

# દાદાની સરકારનું નવું પિક્ચર : ધનતેરસના દિવસે નવા મંત્રીઓ શપથ લેશે, તો ૮ જેટલા મંત્રીઓને ઝટકો લાગશે

ગાંધીનગર,તા.૧૫

દિવાળી પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ હશે. નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક બાદ, ભાજપની કેન્દ્રીય નેતૃત્વએ લાંબા સમયથી વિલંબિત મંત્રીમંડળ ફેરબદલને લીલી ઝંડી આપી દીધી છે. સોમવારે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય હાઈકમાન્ડ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ, મુખ્યમંત્રી રાતોરાત દિલ્હીમાં રોકાયા હતા. ધનતેરસ પર નવા મંત્રીઓ શપથ લે તેવી અપેક્ષા છે. ગુજરાતમાં, ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ કરવામાં આવશે. દિલ્હીમાં કેન્દ્રીય નેતૃત્વ સાથે સોમવારે થયેલી બેઠક બાદ, રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે લગભગ ૧૦ મંત્રીઓને દૂર કરવામાં આવી શકે છે. તેમના સ્થાને નવા મંત્રીઓ આવી શકે છે, અને બાકીના મંત્રીઓ યથાવત રહેશે. ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી હતી, પરંતુ વિસાવદર પેટાચૂંટણીમાં આપની શાનદાર જીત અને સૌરાષ્ટ્રમાં તેના વધતા પ્રભાવે ભાજપ માટે પડકાર ઉભો કર્યો છે. નવા મંત્રીઓ ધનતેરસ પર શપથ ગ્રહણ કરી શકે છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર છે, જ્યારે નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઓબીસી છે. પરિણામે, ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ નવા પ્રકારના સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે.

દાદાના નવા મંત્રીમંડળના સંભવિત નામઃ ૧-રૂષિકેશ પટેલ,૨-કુંવરજી બાવળીયા,૩-મુળુ બેરા,૪-બળવંતસિંહ રાજપુત,૫-કુબેર ડિંડોર,૬-હર્ષ સંઘવી,૭-પરશોત્તમ સોંલકી,૮-પ્રફુલ પાનસેરીયા,૯-કુવરજી હળપતિ,૧૦-જયેશ રાદડીયા,૧૧-જીતુ વાઘાણી,૧૨-સંગીતા પાટીલ,૧૩-રીવાબા જાડેજા,૧૪-મહેશ કસવાલા,૧૫-કયુર રોકડીયા,૧૬-અલ્પેશ ઠાકોર,૧૭-જીતુ ચૌધરી,૧૮-ડો.પ્રધમન વાઝા,૧૯-શંકર ચૌધરી

ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળમાં જલ્દી ફેરફાર થવાના છે. નવા દસ ચહેરાઓ મંત્રી મંડળમાં સમાવાઈ શકાય છે. તો ૮ વર્તમાન મંત્રીઓ પડતા મુકાઈ શકે છે. આવામાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની એક્ઝિટની શક્યતા વધુ છે. ભીખુસિંહ પરમારને નવા મંત્રીમંડળમાં સ્થાનની શક્યતા ઓછી છે. બચુ ખાબડ, રાઘવજી પટેલનું પત્તું કપાઈ શકે છે. મૂળુ બેરા, ભાનુબેનની એક્ઝિટની શક્યતા છે.

કયા નેતાઓ મંત્રીમંડળમાં રહેશે : બળવંતસિંહ રાજપુત,કુંવરજી બાવળીયા,હર્ષ સંઘવી,કુબેર ડિંડોર,પ્રફુલ પાનસેરીયા,રૂષિકેશ પટેલ,પરસોત્તમ સોલંકી,મૂળુ બેરા,કુવરજી હળપતિ,કોની થઈ શકે છે જેમની વિદાય થશે તેમાં કનુ દેસાઈ,ભીખુસિંહ પરમાર,બચુ ખાબડ,રાઘવજી પટેલ,મુકેશ પટેલ,ભાનુબેન બાબરીયા,જે નવા નામોની એન્ટ્રી થઈ શકે છે જયેશ રાદડીયા,મહેશ કસવાલા,અલ્પેશ ઠાકોર,જીતુ વાઘાણી,કેયુર રોકડીયા,જીતુ ચૌધરી,સંગીતા પાટીલ,રીવાબા જાડેજા,પ્રધ્યુમન વાઝા,શંકર ચૌધરી, મંત્રીમંડળ વિસ્તરણમાં ઘણા આશ્ચર્યજનક ચહેરાઓનો સમાવેશ થઈ શકે છે.

### જાહેર નોટીસ

**મે. મહેસાણાના એડી.જ્યુડી. મેજી.ફ.ક.શ્રી ટી.પી. શાહ સાહેબની કોર્ટમાં મુ. મહેસાણા**

**અરજદારના વ.શ્રી. જ.એમ.ચૌધરી**
**ક્રીમી. પર. અરજ નં.૧૦૯૬/૨૦૨૫**
**મુ. તા.૧૫/૧૦/૨૦૨૫**

**અરજદાર : ચૌધરી મહિપાલકુમાર રમેશભાઈ રહે, ચિત્રોડા મોટા, તા. વિસનગર, જિ. મહેસાણા**

**વિરૂધ્ધ**

**સામાવાળા : (૧) આચાર્યશ્રી, શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, મહેસાણા**
**(૨) જન્મ મરણ નોંધણી અધીકારીશ્રી, ગાંધીનગર નગરપાલિકા કચેરી,**
**તા.જિ. ગાંધીનગર**

**બાબત : ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન-૧૯૭૪ રેગ્યુલેશન એકટની કલમ-૧૨ (એ) કલોઝ-૬ મુજબ અરજ.**

**ઉપરોક્ત અરજદાર નામ ચૌધરી મહિપાલકુમાર રમેશભાઈનો જન્મ તા. ૧૯/૧૧/૨૦૦૩ના રોજ ગાંધીનગર મુકામે થયેલ હોઈ સામાવાળા પાસેથી સ્કુલ લીવીંગ સર્ટીમાં સુધારા સારૂ અરજ કરેલી પરંતુ સામાવાળા નં.૧ ના રજીસ્ટરમાં અરજદારના જન્મની નોંધમા શરતચૂક થયેલ હોય તે બાબતનું શાળા શોડ્યા પ્રમાણપત્ર આપેલ અરજદારે આ કોર્ટમાં દાદ માંગેલ કે સદરના સામાવાળા તેમના શાળા રેકર્ડમાં અમો અરજદારને આપેલ એલ.સી. નં.૧૨૦૧૬, જ. ર. નં. ૯૪૫૧ વાળું એલ.સી. આપવામાં આવેલ જેમાં શરતચુકથી કે ભુલથી કોલમ નં.૩માં અમારૂ જન્મ સ્થળ : ચિત્રોડા, તા. વિસનગર, જિ. મહેસાણા મુજબનું લખાયેલ હોવાનું માલુમ પડેલ તે જગ્યાએ અમો અરજદારનું સાચુ અને ખરૂ જન્મ સ્થળ : ગાંધીનગરની વિગત સાચી અને ખરી હોઈ તે મુજબનો સુધારો કરી નવું શાળા છોડયાનું પ્રમાણપત્ર આપવા માટે અરજ કરેલ છે. જેથી લાગતા વળગતા ઈસમોને નોટીસ આપી તાકીદ કરવામાં આવે છેકે, મુ. તા. ૧૫/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ વાગે આ અરજી વિરૂદ્ધ કારણ/ જવાબ આપવા માટે તમારે જાતે અથવા માહિતગાર કરેલ વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં અનુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહું અરજી સાંભળીને એક તર્ફી નિકાલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.**

**આજ તારીખ ૨૩ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (ડી.એચ.ચૌધરી) | (એચ.ડી. નાયક) | કોર્ટનો સિક્કો | (એ.એ.પઠાણ) રજીસ્ટ્રાર, ચીફ કોર્ટ મહેસાણા |

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ સારી સફળતા મળી શકે છે, પ્રયત્નશીલ રહેજો. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ ઉભી થઈ શકે છે.

**વૃષભઃ** વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે. રચનાત્મક કાર્યોમાં તમારી રૂચિ વધશે.

**મિથુનઃ** તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. લવ લાઈફમાં તમારા સન્માનમાં વધારો થઈ શકે છે. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

**કર્કઃ** આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્યને લઈને દોડધામ કરવી પડી શકે છે.

**સિંહઃ** વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનુ દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે. સામાજિક કાર્ય કરવાથી સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતા પૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

**તુલાઃ** આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે.

**વૃશ્ચિકઃ** બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે. જો કોઈ તમારી પાસે ઉધાર માંગે તો ક્યારેય આપતા નહીં.

**ધનઃ** આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

**મકર** આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલા લેવાની જરૂર પડી શકે છે. દિવસના બીજા ભાગમાં મહિલા મિત્રોની સાથે સમય પસાર થઈ શકે છે.

**કુંભઃ** વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. દિવસના બીજા ભાગમાં શુભ ખર્ચ તમારી ખ્યાતિમાં વધારો કરવાનું પરિબળ બની શકે છે. પુણ્યના કામોમાં પણ ખર્ચ થઈ શકે છે.

**મીનઃ** બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનુ સંપૂર્ણ ધ્યાન રાખજો. કોઈ અધિકારીની મદદથી સંપતિ પ્રાપ્ત થઈ શકે છે. વાણીના માધ્યમથી આજે તમારૂ સન્માન વધશે.

# ફિલ્મી ગપશપ

## ‘નોટબંધીએ ધંધો બરબાદ કરી દીધો’:શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાનો પોલીસ પૂછપરછમાં જવાબ, ૬૦ કરોડના છેતરપિંડી કેસે મુશ્કેલી વધારી

ફિલ્મ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ બિઝનેસમેન રાજ કુન્દ્રા સામે નોંધાયેલા ૬૦ કરોડ રૂપિયાના લોન-કમ-ઈન્વેસ્ટમેન્ટ છેતરપિંડીના કેસમાં તપાસ વધુ તીવ્ર બની છે. આર્થિક ગુના શાખા (ઈઉ) એ અત્યાર સુધીમાં રાજ કુન્દ્રાની બે વાર પૂછપરછ કરી છે અને ત્રીજી વખત તેમને બોલાવવાની તૈયારી કરી રહી છે, જ્યારે શિલ્પાની ૪ ઓક્ટોબરે જુહુમાં તેના ઘરે ચાર કલાક પૂછપરછ કરવામાં આવી હતી. હવે આ કેસમાં રાજ કુન્દ્રાનું નિવેદન સામે આવ્યું છે. તપાસ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે નોટબંધીને કારણે તેમનો આખો પરિવાર આર્થિક રીતે ખરાબ રીતે પ્રભાવિત થયો હતો અને તે દેવામાં ડૂબી ગયા હતા.

EOW સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ કુન્દ્રાએ જણાવ્યું હતું કે તેમની કંપની, બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડ (જે ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસ વેચતી હતી), ૨૦૧૬ના નોટબંધી પછી નોંધપાત્ર નાણાકીય નુકસાન સહન કરવું પડ્યું હતું. રોકડની તંગીને કારણે, તે રોકાણકારોના પૈસા સમયસર પરત કરવામાં અસમર્થ હતા.

મુંબઈના ઉદ્યોગપતિ દીપક કોઠારીની ફરિયાદના આધારે આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોઠારીનો આરોપ છે કે તેમને ૨૦૧૫ અને ૨૦૨૩ વચ્ચે કંપનીમાં આશરે ?૬૦ કરોડનું રોકાણ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ રોકાણ ટીવી શોપિંગ વ્યવસાયને ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવ્યું હતું, પરંતુ આ નાણાં કથિત રીતે વ્યક્તિગત ઉપયોગ માટે વાળવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન, શિલ્પાએ જણાવ્યું કે તેણે તેના પતિ સાથે કંપની શરૂ કરી હતી, પરંતુ પછીથી તેની નાણાકીય કે રોજિંદા કામગીરીમાં કોઈ ભૂમિકા રહી ન હતી. બધા નિર્ણયો રાજ કુન્દ્રા અને મેનેજમેન્ટ ટીમ દ્વારા લેવામાં આવતા હતા.આ દંપતીએ મુંબઈ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ઓક્ટોબર ૨૦૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ સુધી તેમના લુક આઉટ સર્ક્યુલર (LOC) ને હંગામી ધોરણે સ્થગિત કરવા અને વિદેશ પ્રવાસની પરવાનગી માગી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આ ગંભીર આર્થિક ગુનાનો કેસ છે અને તેથી, ફક્ત મનોરંજનના હેતુ માટે મુસાફરી કરવાની મંજૂરી આપી શકાતી નથી. દંપતીના વકીલે સ્પષ્ટતા કરી હતી કે ફક્ત ફુકેટની સફર મનોરંજનના હેતુ માટે હતી, જ્યારે બાકીની વ્યાવસાયિક કારણોસર આયોજન કરવામાં આવ્યું હતું.બેન્ચે સ્પષ્ટ કર્યું કે- જો આરોપી ?૬૦ કરોડની સંપૂર્ણ રકમ જમા કરાવે તો જ અરજી પર વિચાર કરવામાં આવશે. આગામી સુનાવણી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ થશે. કોર્ટે સ્વીકાર્યું કે તપાસમાં સહકાર આપવાને કારણે હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી.EOW એ કંપનીના તમામ નાણાકીય વ્યવહારો અને ખાતાઓ, તેમજ બેંક ખાતાઓ અને રોકાણના રસ્તાઓ કે જેના દ્વારા રોકાણ ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું તેની ફોરેન્સિક તપાસ શરૂ કરી છે. રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટીના વકીલોનો દાવો છે કે બંને નિર્દોષ છે અને વ્યવહારો પારદર્શક હતા. આગામી અઠવાડિયામાં કેસ સંબંધિત નવી માહિતી બહાર આવી શકે છે.

# દિવાળી પર કુછ હેલ્ધી હો જાએ...: ભાવ ઘટાડાએ ડ્રાયફ્રુટ માર્કેટને બુસ્ટર ડોઝ આપ્યો : દિવાળી પર બમ્પર ઓર્ડર

(ગરવી તાકાત) અમદાવા તા.૧૫

દિવાળી એટલે દીવાના પ્રકાશ સાથે હૃદયોમાં પ્રેમનો ઉજાસ. સંબંધો વચ્ચે મીઠાશ ભરી દેતો આ તહેવાર માત્ર ઘર-આંગણું જ નહીં, પરંતુ મન પણ રોશન કરી દે છે. એકબીજાને ઉપહાર આપવાની પરંપરા ભારતીય સંસ્કૃતિનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે.

પરંતુ આજના સ્વાસ્થ્યજાગૃત યુગમાં મીઠાઈની જગ્યાએ ડ્રાયફ્રુટનું સ્થાન વધી રહ્યું છે - કારણ કે પ્રેમની સાથે હવે સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું એટલું જ મહત્વનું બની ગયું છે. આ જ કારણ છે કે આ વર્ષે દિવાળીના ઉપહાર માટે મલ્ટીનેશનલ કંપનીઓએ ડ્રાયફ્રુટને પ્રથમ પસંદગી બનાવી છે, જેથીગિફ્ટમાં મીઠાશ પણ રહે અને આરોગ્યની સલામત પણ જળવાઈ.

શહેરના પરાબજાર રોડ પર છેલ્લા ૧૦૨ વર્ષથી ×દાદાજી ડ્રાયફ્રુટ× નામની દુકાન ચાલવતા દીપકભાઈ એ ×સાંજ સમાચાર× સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યું કે, ડ્રાઈફ્રુટ્સની માર્કેટમાં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે. લોકો સ્વાસ્થ્યને ધ્યાન રાખીને દિવાળીમાં પણ ગિફ્ટ આપવા ડ્રાઈફ્રુટ્સની ખરીદી કરતા હોય છે.

આ સાથોસાથ કોર્પોરેટ સેક્ટરમાં પણ ડ્રાઈફ્રુટ્સના ગિફ્ટ્સ હેમ્પર્સ આપવાનો ટ્રેડ વધ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મલ્ટિનેશન કંપની તરફથી વેપારીઓ ને ખબુ બહોળા પ્રમાણમાં ડ્રાઈફ્રુટ્સન ગિફ્ટ હેમ્પરના ઓર્ડર આવેલ છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રેગ્લ્યુર વર્ષમાં પૂઠાના બોક્સ ચાલતા હતા પણ આ વર્ષે કાચની બોટલના



ઝારવાળા ગિફ્ટ હેમ્પર્સ વધુ ડિમાન્ડ છે. જેમાં ૩-૪-૨ એવી રીતે ફેન્સી બોક્સમાં બોટલ્સ આવે છે. આ ડ્રાઈફ્રુટ્સ ગિફ્ટ હેમ્પર્સમાં પિસ્તા-બદામ-કાજુ-કીસમીસ જેવા ડ્રાઈફ્રુટ્સ સાથે આવે છે. આ ડ્રાઈફ્રુટ્સ ગિફ્ટ હેમ્પર્સ કિંમત રૂ?.૫૦૦ થી ૧૦૦૦ જેટલી છે. હાલ સુધીમાં ૧૨૦૦૦ હજાર નંગનો ઓર્ડર કંપનીઓ પાસે આવેલ છે.

આ સાથે આ વર્ષે ×દાદાજી ડ્રાયફ્રુટ× દ્વારા ૨૦૦ ગ્રામના સ્પેશિયલ ડ્રાઈફ્રુટ્સ બોક્સ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૪ ડ્રાઈફ્રુટ્સ આપવામાં આવે છે. જેની કિંમત રૂ.૨૦૦ થી ૨૫૦ છે. આ પ્રકારના બોક્સ નાના મોટા વેપારીઓ, સોફ્ટવેર કંપની તેમજ મોટી દુકાનોના માલિકો દ્વારા સૌથી વધુ ખરીદવામાં આવે છે.

હાલ ૧૫ હજાર બોક્સનો ઓર્ડર નાના-મોટા વેપારીઓ પાસેથી આવેલ. અત્યારે મોટાભાગે રિટેલ સ્ટોર અને પરિવાર દ્વારા ખરીદી કરવામાં આવી રહી છે.

ડ્રાઈફ્રુટ્સનો માલ ઈરાન, ઈરાક, અફઘાન, યુરોપ અને ચીલી થી આયાત કરવામાં આવે છે. તેમજ નવરાત્રી બાદ તરત જ મોટાભાગના ઓર્ડર શરૂ થઈ જાય છે.

આ સાથે આ વર્ષે ચિલગોઝા, બ્રાઝિલ નટ્સ, મેકેડમીયા નટ્સ, વેનીલા ફલેવરમાં પીકન, મેગેડમીયા વગેરે ડ્રાઈફ્રુટ્સ હાલ બજાર જોવા મળે છે. આ સાથે બેરીસની વાત કરીએ તો, ગોઝી, કેન બેરીસ અને બ્લુ બેરીસ પણ ઉપલબ્ધ છે.

જેમાં ગોઝી બેરીસ રૂ?.૧૫૦૦ થી ૧૬૦૦, કેન બેરીસ રૂ?.૬૦૦ થી ૯૦૦ અન બ્લુ બેરીસ રૂ.૧૨૦૦ ભાવ છે. તેમજ દુબઈની ચોકો બાઈટ રૂ?.૮૦૦ થી ૧૦૦૦ અને પિસ્તા કોટેડ કુનાફા ચોકલેટ રૂ?.૧૨૦૦ સાથે બજારમાં જોવા મળી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળી પર મલ્ટીનેશનલ કંપનીઓ પોતાના કર્મચારીઓને વિવિધ આકર્ષિત ડ્રાયફ્રુટ ગિફ્ટ હેમ્પર્સ કર્મચારીઓને આપશે. આ વર્ષે બજાર ડ્રાયફ્રુટ ગિફ્ટ હેમ્પર્સની સૌથી વધુ ડિમાન્ડ જોવા મળી છે.

### ગુજરાતમાં રાજસ્થાનવાળી થતા રહી ગઇ : બસ ભડકે બળી : ડ્રાઇવરની સમય સૂચકતાથી દુર્ઘટના ટળી

# પાવાગઢથી બાવળા જતી ચાલુ બસમાં અચાનક આગ લાગી : મુસાફરોનો બચાવ, બસ સળગીને ખાખ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૫

ગુજરાતમાં રાજસ્થાનવાળી થતા રહી ગઈ હતી. પાવાગઢથી બાવળા જતી ચાલુ બસમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જોકે ડ્રાઈવરની સમયસૂચકતાથી જાનહાની અટકી હતી અને તમામ મુસાફરોનો બચાવ થયો હતો.

આ અંગેની વિગત મુજબ નડિયાદ-આણંદ રોડ પર આવેલા ભૂમેલ નજીક રેલવેબ્રિજ પર મોડીરાત્રે એક ખાનગી લકઝરી બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ બસ પાવાગઢથી બાવળા તરફ જઈ રહી હતી.

જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂમેલ રેલવે ઓવર બ્રિજ પર મોડીરાત્રે અચાનક ખાનગી લકઝરી બસમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

જોકે બસના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક તમામ પેસેન્જરોને સુરક્ષિત રીતે બસમાંથી ઉતારી દીધા હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી અને મુસાફરોના જીવ બચી ગયા હતા.

આગ કયા કારણસર લાગી એ બાબત હજુ સુધી અસ્પષ્ટ છે, પરંતુ આગની ઘટનામાં સમગ્ર લકઝરી બસ સળગીને ખાક થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને ફાયરબ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં બસ સંપૂર્ણપણે બળી ગઈ હતી. પોલીસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

'બસમાં ૨૦થી ૨૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા' નડિયાદ ફાયરબ્રિગેડના ફાયર ઑફિસર દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી આણંદ ફાયરબ્રિગેડના કોલ કરવામાં આવ્યો હતો, એ બાદ ૧૧૨ દ્વારા નડિયાદ ફાયરબ્રિગેડનો સંપર્ક સાધવામાં આવ્યો હતો, બસમાં ૨૦થી ૨૫ લોકો મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

### વિકાસ જરૂરી છે પણ વિદ્યાર્થીઓના મેદાનના ભોગે નહીં : હાઇકોર્ટે કોર્પોરેશનનો કાન ખેંચ્યો

# મવડીની એન્જીનીયરીંગ કોલેજ દ્વારા ટીપી સ્કીમ અમલીકરણ સામે મુકાયેલા વાંધાની સુનાવણીમાં મહત્વની ટકોર : : મેદાનમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થાય છે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૫

ગુજરાત હાઈકોર્ટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને મવડીમાં મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત એન્જિનિયરિંગ કોલેજ દ્વારા કરાયેલા વાંધા, પ્રતિનિધિત્વ પર નિર્ણય લેવા આદેશ આપ્યો છે. ટ્રસ્ટે ટાઉન પ્લાનિંગ સ્કીમમાંથી કોલેજના મેદાનને બહાર રાખવાની માંગણી કરી હતી. જે કેસની સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિ મૌના એમ. ભટ્ટે કહ્યું કે, વિકાસ પ્રશંસનીય છે, પરંતુ તે વિદ્યાર્થીઓના રમતોના મેદાનના ભાગે ન થવો જોઈએ.

આ ટ્રસ્ટ જેની સ્થાપના ૧૯૬૫માં થઈ હતી એ રાજય સરકારના ૨૦૨૪ના નોટિફિકેશન હેઠળ માવડી ટાઉન પ્લાનિંગની ડ્રાફ્ટ સ્કીમને તેની મિલકતના સંદર્ભે ગેરકાયદેસર અને અન્યાયી જાહેર કરવાની માંગ સાથે અરજી દાખલ કરી હતી.

હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, ફોટોગ્રાફ્સ પરથી જણાય છે કે વિવાદિત જમીનનો ઉપયોગ રમતોના મેદાન તરીકે તેમજ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે થાય છે. એન્જિનિયરિંગ કોલેજ અને ટેકનોલોજીકલ ઈન્સ્ટિટ્યુટ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ પણ આ મેદાનનો ઉપયોગ કરે છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા માટે ખુલ્લી જમીન વિના શિક્ષણ અધૂં રહે છે કારણ કે સાંસ્કૃતિક તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે આવી જગ્યા જરૂરી છે.કોર્ટે આગળ નોંધ્યું કે રાજય સરકારના માર્ગદર્શક સૂચનો મુજબ શૈક્ષણિક સંસ્થાની ખુલ્લી જમીનમાંથી કપાત કરવી મોટાભાગે પ્રતિબંધિત છે, અને ફક્ત ૧૦ ટકા જેટલી કપાત સૂચવવામાં આવી છે.

કોર્ટે ટાઉન પ્લાનિંગ સત્તાને સૂચના આપી કે તે ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ ૫૨ અને સંબંધિત નિયમો અનુસાર ટ્રસ્ટના વાંધા, પ્રતિનિધિત્વ પર વિચાર કરે. સાથે સાથે રાજ્ય સરકારની માર્ગદર્શિકા ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. આ કોર્ટના મત પ્રમાણે વિકાસ હંમેશા પ્રશંસનીય છે, પરંતુ તે વિદ્યાર્થીઓના મેદાનના ભોગે ન થવો જોઈએ.



ટ્રસ્ટના વકીલે રજૂ કર્યું કે સંસ્થા રાજ્ય સરકારથી મળેલ પ્લોટ પર એન્જિનિયરિંગ કોલેજ ચલાવે છે. ૨૦૧૮માં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી વિકાસ પરવાનગી મેળવી બિલ્ડિંગ બાંધવામાં આવ્યું હતું. હાલ કોલેજમાં ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને મેદાનમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા યુવા ઉત્સવ યોજાય છે.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ ૪૧ હેઠળ ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરવાની જાહેરાત કરી હતી.

જાહેરનામા બાદ ટ્રસ્ટે વાંધા નોંધાવ્યા હતા. કારણ કે કોલેજનું ખુલ્લું મેદાન ટાઉન પ્લાનિંગ સ્કીમમાં સમાવાયું હતું. તેમ છતાં, ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કલમ ૪૮ હેઠળ ડ્રાફ્ટ સ્કીમ મંજૂર કરી દેવામાં આવી હતી. ટ્રસ્ટે જણાવ્યું કે તેના વાંધાઓને અવગણવામાં આવ્યા હતા અને હવે સ્કીમ રાજ્ય સરકારને અંતિમ મંજૂરી માટે મોકલવાના તબક્કે છે. જો વાંધા પર વિચાર ન થાય, તો આખી અરજી નિષ્પ્રભ બની જશે.

રાજ્ય સરકારના વકીલે જણાવ્યું કે ડ્રાફ્ટ સ્કીમ મંજૂર થયા બાદ તમામ હિતધારકોને વાંધા રજૂ કરવાની તક આપવામાં આવી હતી. ટ્રસ્ટને સાંભળવા માટે નોટિસ આપી હતી અને સુનાવણી પણ થઈ હતી, પરંતુ તેમની વિનંતી પર સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી. તેમણે કહ્યું કે જો કોર્ટના આદેશથી વાંધા પર વિચાર કરવામાં આવશે, તો પ્રતિવાદીઓને કોઈ નુકસાન નહીં થાય.

### અમદાવાદમાં બે દિવસની નેશનલ અર્બન કોક્લેવ અને મેયરલ સમિટનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

# વડાપ્રધાને ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે દેશમાં સૌપ્રથમ શહેરી વિકાસ વર્ષ જેવા કોન્સેપ્ટ શરૂ કર્યા : ભુપેન્દ્ર પટેલ

(ગરવી તાકાત) અમદાવાદ તા. ૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દ્વિ-દિવસીય 'નેશનલ અર્બન કોક્લેવ' તેમજ 'મેયરલ સમિટ'નો પ્રારંભ કરાવ્યો હતો. દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આ કોક્લેવનું કેન્દ્ર સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જાહેરજીવનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળનાં ૨૪ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજયભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ વખત રાજનીતિમાં 'વિકાસ' શબ્દને સક્રિયપણે વ્યાપક બનાવ્યો છે.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ અર્બન કોક્લેવ અને મેયરલ સમિટ અમદાવાદ માટે વિશેષ છે કેમ કે આજે સમગ્ર દેશ વડાપ્રધાનના માર્ગદર્શનમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે શહેરી વિકાસની તેમની તત્કાલીન વિચારધારાને આધુનિક વિકાસ સાથે કેવી રીતે જોડવી તે અંગે આ કોક્લેવમાં ચિંતન-મંથન કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી કાર્યકાળથી લઈને દેશના વડાપ્રધાન તરીકે, સરદાર પટેલના આ જ વિચારોથી પ્રેરિત રહીને દેશમાં શહેરી વિકાસમાં પરિવર્તનથી નવી ક્રાંતિ લાવ્યાં છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદ શહેરે વર્લ્ડ હેરિટેજ સિટીની સાથે સાથે વર્લ્ડ કલાસ સિટીની શ્રેણીમાં પણ ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અર્બન મોબિલિટી અંગે કહ્યું કે, નરેન્દ્રભાઈ મોદી દેશના એવા પ્રથમ મુખ્યમંત્રી હતા, જેમણે શહેરો માટે સફળ બીઆરટીએસ જનમાર્ગ મોડેલનો વિચાર આપ્યો હતો.

આજે મેટ્રો અને હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ્સના માધ્યમથી મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટમાં અમદાવાદ અર્બન મોબિલિટી માટે એક આદર્શ બની રહ્યું છે. આ પ્રસંગે જીઇઃઢઝન્ના ચેરપર્સન આઈ.પી. ગૌતમે પોતાના વિચાર અને અનુભવ અંગે વાત કરતાં કહ્યું કે, ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસને ખૂબ મહત્ત્વ આપ્યું, જેના કારણે આજે ગુજરાતનાં તમામ શહેરોનો વિકાસ થઈ રહ્યો છે.

### સતત ૭મીવાર ભારત યુએનની માનવ અધિકાર પરિષદમાં ચૂંટાયું

નવી દિલ્હી તા.૧૫

સંયુકત રાષ્ટ્ર મહાસભાએ વર્ષ ૨૦૨૬-૨૮ માટે ભારતને માનવ અધિકાર પરિષદ માટે પસંદ કર્યું છે. ત્રણ વર્ષના કાર્યકાળ માટે ભારતની પસંદગી વિરોધ વિના થઈ છે. આ રીતે ભારત હવે અત્યાર સુધીમાં ૭મી વખત ચૂંટાયું છે.

ચૂંટાયેલી જાહેરાત બાદ સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી.હરીશે જણાવ્યું હતું કે આ ભારતની માનવ અધિકારો અને મૌલિક સ્વતંત્રતાઓ પ્રત્યે અતૂટ પ્રતિબધ્ધતાને દર્શાવે છે.

તેમણે સોશ્યલ મિડિયામાં લખ્યું કે ભારત પોતાના કાર્યકાળ દરમ્યાન આ ઉદેશોને આગળ વધારવા માટે તત્પર છે. બધા દેશોનાં સમર્થન માટે પી.હરીશે અભાર વ્યકત કર્યો હતો.

### મુંબઈ - અમદાવાદ હાઈવે પર ભીષણ ટ્રાફિકજામ : ૫૦૦ જેટલા છાત્રો ૧૨ કલાક ફસાયા

# પિકનિકથી પરત ફરેલા ભૂખ્યા - તરસ્યા છાત્રો માટે સ્થાનિકોએ પાણી - બિસ્કીટની વ્યવસ્થા કરી

મુંબઈ, તા.૧૫

પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર મંગળવારે સાંજે એક ભીષણ ટ્રાફીક જામ સર્જાયો હતો. જેના કારણે સ્કુલ પિકનીકથી પરત ફરી રહેલા ૫૦૦થી વધુ છાત્રો ૧૨ કલાક સુધી ફસાઈ ગયા હતા.

સ્થાનિક લોકોએ આ ભૂખ્યા-તરસ્યા બાળકો માટે પાણી અને બિસ્કીટની વ્યવસ્થા કરી હતી. અનેક કિલોમીટર સુધી ટ્રાફિક જામ થવાનું કારણ પોરબંદર હાઈવે પર ચાલતા રિપેરીંગ હતું. જેના કારણે વાહનોને ડાયવર્ટ કરવા પડયા હતા.

૧૨ જેટલી બસોમાં સવાર ધોરણ ૫થી૧૦ના સ્કુલી છાત્રો અને થાણે અને મુંબઈની કેટલીક કોલેજના છાત્રો મંગળવારે સાંજે ૫.૩૦ થી બુધવારે સવાર સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા. સ્થાનિક લોકો-સામાજીક સંગઠનોના કાર્યકર્તાઓએ ઘટનાસ્થળે પહોંચીને પાણી અને બિસ્કીટની વ્યવસ્થા કરી હતી.



**૧૨ જેટલી બસોમાં સવાર ધોરણ ૫થી૧૦ના સ્કુલી છાત્રો અને થાણે અને મુંબઈની કેટલીક કોલેજના છાત્રો મંગળવારે સાંજે ૫.૩૦ થી બુધવારે સવાર સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા.**

# મનુષ્યના જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઇએ.જે જીવન માં એક ધ્યેય નથી તે જીવન નાવિક વગરની નૌકા જેવું છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો ભાગવતએ પરમહંસ સંહિતા છે. હંસની ખાસિયત છે કે,દૂધ દૂધ પી જવું ને પાણી પાણી રહેવા દેવું એમ પરમહંસો પણ જડ અને ચેતનને જુદાં પાડીને જડથી અલિપ્ત થઈને ચેતનમાં સ્થિર થાય છે. નાળિયેરમાં પાણી હોય છે ત્યાં સુધી કોપરું કાચલીને વળગી રહે છે, પણ પાણી સૂકાઈ ગયા પછી કાચલી અને કોપરું જુદાં પડી જાય છે.સંસાર કાચલી છે, જીવ કોપરું છે. સંસારના રસ જ્યાં સુધી મીઠા લાગે છે.ત્યાં સુધી કોઈ જીવ સંસારથી જુદો પડતો નથી, પણ જેના સંસારનો રસ સૂકાઈ જાય એ જ સંસાર રૂપી કાચલીથી જુદો પડી જાય છે જ્ઞાની પરમહંસ અને ભાગવત પરમહંસ બે પ્રકારના છે.ૠષભ દેવજીએ જ્ઞાની પરમ હંસનો અને ભરતજીએ ભાગવત પરમહંસનો આદર્શ રજૂ કર્યો છે તે આપણે જોઈ ગયા.છઠ્ઠા સ્કંધમાં આપણને શુકદેવ જી ધ્યાન,અર્ચન અને નામનો મહિમા સમજાવે છે.

શુકદેવજી કહે છે કે,રાજન!એક એક પાપનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં બતાવેલું છે.જો તે વિધિપૂર્વક કરવામાં આવે, તો પાપનો નાશ થાય છે,પણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી ફરીથી પાપ ન થવું જોઈએ.નહીંતર પ્રાયશ્ચિત્ત કરવાનો અર્થ નથી.

ત્યારે રાજા પૂછે છે કે, પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પાપ કરવાની ઈચ્છા થાય છે.પ્રાયશ્ચિત્તથી પાપનો નાશ થાય છે,પણ પાપની વાસનાનો નાશ થતો નથી. તો એ વાસના કેમ જાય તે કહો! એવો ઉપાય બતાવો કે, પાપ કરવાની વાસના જ ન રહે.

શુકદેવજી સાવવાન કરે છે,રાજન મન ઉપર જરાય વિશ્વાસ નરાખો એક વાર મનને છૂટ આપશો,તો ફરીથી પાપ કરવા તૈયાર થશે. પાપ વાસના અજ્ઞાનમાંથી જાગેછે અને અજ્ઞાનનું મૂળ અહંકાર છે. શ્રીકૃષ્ણ ભગવાનને જે પ્રાણ અર્પણ કરે છે,તેને પાપ કરવાની ઈચ્છા થતી નથી.તેનો અહંકાર જાય છે.તપ,બ્રહ્મચર્ય, શમ,દમ, મનની સ્થિરતા,દાન,સત્ય,શૌચ અને યમ, નિયમ વડે પાપની વાસના ઓનો નાશ થાય છે.પરંતુ હે પરીક્ષિત,પાપી પુરુષની જેવી શુદ્ધિ ભગવાનને આત્મસમર્પણ કરવાની અને એના ભક્તોનીસેવા કરવાથી થાય છે.તેવી શુદ્ધિ તપ શ્ચર્યા આદિ દ્વારા થતી નથી. પાપીમનુષ્ય ભક્તિથી જેવોપવિત્ર થાય છે તેવો શમ,દમ,તપ વગેરેથી પણ થતો નથી.પરી જોડેલા મુકવાની જરૂર છે.




જોશ માથે.રાજુ થોડા મહિના પહેલા અમદાવાદના એક સીધી રસ્નાપુષન,હે રાજા! તારા પ્રાણ ભગવાનને અર્પણ કર એટલે પાપની વાસના જશે. ભગવાન નારાયણને જે પોતાના પ્રાણ અર્પણ કરે છે, પ્રતિ શ્વાસે નારાયણના મંત્રનો જપ કરે છે, તેને પછી પાપ અડશે નહીં. શ્રી કૃષ્ણને પોતાના પ્રાણ અર્પણ કરે તેને પાપ કરવાની ઈચ્છા જ થતી નથી.પ્રાણ અર્પણ કરવા એટલે પ્રાણે પ્રાણે, શ્વાસે શ્વાસે ઈશ્વરના નામનો જપ કરવો. દરેક કાર્યમાં ઈશ્વરનું અનુસંધાન રાખવું. શ્વાસે શ્વાસે ભાગવત સ્મરણ રાખે તે મનુષ્ય પાપ કરી શકતો નથી. પાપમાં તેની પ્રવૃત્તિ નહીં થાય.પાપની સામેના આ યુદ્ધ માં ભગવાનનું શરણું લેવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પહેલાં ભગવાનનું સ્મરણ, પછી સંસારના કાર્યો. પરમાત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી વાસનાનો વિનાશ થતો નથી. વાસના અજ્ઞાનમાંથી જન્મે છે. ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય અને જગત કેવું છેતે સમજાય,તો વાસનાનો વિનાશ થાય. ઈશ્વર આનંદરૂપ છે અને સંસાર દુઃખરૂપ છે,તેવો અનુભવ થયા પછી વાસનાનો વિનાશ થાય છે.એ જ્ઞાનને સતત ટકાવી રાખવા પ્રાણને શ્રીકૃષ્ણા ર્પણ કરો. અજ્ઞાનનો નાશ ન થાય ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી. વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી પાપ અટકતું નથી.

જ્ઞાની કેવળ ઈન્દ્રિયોને વિષયમાં જતી રોકવાનો પ્રયત્ન કરે છે, પણ તેથી વાસનાનો વિનાશ થતો નથી. ઈન્દ્રિયોને રોકવાથી નહીં પરંતુ પ્રભુ પ્રત્યે વાળવાથી વાસનાનો વિનાશ થાય છે. એક- એક ઈન્દ્રિયને પરમાત્મા તરફ વાળો તો જ વાસનાનો નાશ થશે. મનને પવિત્ર કરવું હોય તો આંખ ને ભાગવતસ્વરૂપમાં સ્થિર કરો. છઠ્ઠા સ્કંધમાં ત્રણ પ્રકરણો છેઃ૧.ધ્યાન પ્રકરણ તેના ચૌદ અધ્યાયો છે.ચૌદ અધ્યાયોનો અર્થ છે પાંચ કર્મેન્દ્રિય,મન,બુદ્ધિ,ચિત્ત,અહંકાર આ ચૌદને પરમાત્મા માં પરોવી રાખે તો ધ્યાન સિદ્ધ થાય છે.૨.અર્ચન પ્રકરણઃબે અધ્યાયમાં સ્થૂલ અર્ચન અને સૂક્ષ્મ અર્ચનનું વર્ણન કર્યું છે૩. નામ પ્રકરણઃબે અધ્યાયોમાં ગુણ સંકીર્તન નામ સંકીર્તનનું વર્ણન કર્યું છે.

પરમાત્માના મંગલમય નામનો જપ કરો.જ્ઞાનમાર્ગી હોય કે ભક્તિમાર્ગી હોય તો પણ ઈશ્વરનું ધ્યાન કર્યા વગર ચાલતું નથી. એકમાં મન સ્થિર થાય તો મનની શક્તિ વધે છે.એ માટે ત્રણસાધન ધ્યાન,અર્ચન અને નામ જપ બતાવ્યાં છે.આ ત્રણ સાધનો કરે તેના પાપનો નાશ થાય અને તે કોઈ દિવસ નરકમાં ન જાય.

પ્રભુના મંગલમય સ્વરૂપનું ધ્યાન જપ કરવાની આદત પાડો અને નિયમિત સેવા કરો. નરકમાં જવું ન પડે તે માટે ત્રણ સાધનો કરો. રોજ ઠાકોરજીની સેવા કરો. નામ જપ કરો અને ધ્યાન કરો.આ ત્રણ સાધન તમારાથી ન થાય તો એક સાધનમાં દ્રઢનિષ્ઠા રાખો.

વાસનાનો વિનાશ ઈન્દ્રિયોને ભક્તિરસમાં તરબોળ ન કરો ત્યાં સુધી થતો નથી.ભક્તિ દ્વારા જીવ ભગવાન પાસે જાય છે.યમુના મહારાણી ભક્તિસ્વરૂપ છે.જીવ નો ઈશ્વર સાથે સંબંધ જોડી આપે છે.ભક્તિ દ્વારા જીવનો બ્રહ્મસંબંધ થાય છે.ધ્યાન, અર્ચન અને નામસ્મરણ આ ત્રણ સાધન થી ભક્તિ દ્રઢ થાય છે.દાનથી,વ્રત થી દ્રવ્યશુદ્ધિ થશે પણ મનની શુદ્ધિ થતી નથી,તે તો ધ્યાનથી જ થશે.

દાન કરવાથી પણ ભગવાન મળતા નથી.દાનનું ફળ છે લક્ષ્મી. ગીતાજીમાં ભગવાન કહે છે કે,ન વેદોથી, ન તપથી, ન દાનથી અને ન તો યજ્ઞથી મારી પ્રાપ્તિ થાય છે

મનશુદ્ધિ પરમાત્માના ધ્યાનથી થાય છે,તેથી રોજ ધ્યાન કરવાની જરૂર છે.ધ્યાનમાં એકાગ્રતા ન થાય તો નામ સ્મરણની જરૂર છે.

આ ત્રણ ન થાય તો કાંઈ નહીં પણ આમાંના એકને પકડી રાખો. સાધન વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી

મનુષ્યના જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઈએ. જે જીવનમાં એક ધ્યેય નથી તે જીવન નાવિક વગર ની નૌકા જેવું છે. ધ્યેય નક્કી કરી તે ધ્યેથ સિદ્ધ કરવા સાધન કરો. આ કળિકાળમાં કાંઈ થઈ શકતું નથી, તેથી નામસ્મરણનો આશરો લેવો.કળિકાળમાં નામ સેવાપ્રધાન બતાવી છે. કળિયુગમાં સ્વરૂપ સેવા જલદીથી ફળતી નથી. સ્વરૂપસેવા ઉત્તમ પણ છે પણ તેમાં પવિત્રતાની જરૂર છે. એવી પવિત્રતા કલિનો માણસ રાખી શકતો નથી, તેથી નામસેવા મોટી કહી છે.પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી,ત્યાં સુધી નામનો આશ્રય રાખે એને એક દિવસ સાક્ષાત્કાર જરૂર થાય છે.

સીતાજી ધ્યાન સાથે નામસ્મરણ એવી રીતે કરે છે કે, વૃક્ષનાં પાંદડે પાંદડામાંથી રામનામનો ધ્વનિ નીકળે છે. પરમાત્માના નામમાં આવી નિષ્ઠા થવી કઠણ છે. નામસ્મરણ કરતાં અટકી પડે છે.પાપ જીભને પકડી રાખ છે.નામસ્મરણ અતિશય સુલભ છે છતાં થતું નથી.સતત પરમાત્મા ના નામનો જપ કરવાની ટેવ પાડશો તો મૃત્યુ સુધરશે નામ નિષ્ઠા થાય તો નાની ઈશ્વરનું સ્મરણ થતાં મૃત્યુ સુધરે છે કલિકાલમાં નામ નિષ્ઠા વગર બીજો કોઈ ઉપાય નથી.

**સાબરકાંઠા જિલ્લાને વિકાસની દિવાળી ભેટઃ પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રૂ. ૩૨.૧૭ કરોડના ૧૬૧ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત**

# હિંમતનગર નગરપાલિકાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરાયુંઃ સ્વચ્છતામાં પ્રથમ ક્રમે આવવા બદલ અભિનંદન

## મંત્રી અને મહાનુભાવોના હસ્તે પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત કુપોષિત બાળકોને પોષણ કીટ અપાઇ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૫

વિકાસ સપ્તાહની ઉજવણીના સમાપન ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના જનસુખાકારી અને વિકાસ કાર્યોને નવી ગતિ આપવા માટે જિલ્લા પ્રભારી અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના વરદ્ હસ્તે જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં રૂ. ૩૨.૧૭ કરોડના કુલ ૧૬૧ વિકાસ કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોમાં રૂ. ૩૦.૧૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૮૮ કામોનું લોકાર્પણ અને રૂ. ૧.૯૯ કરોડના અંદાજિત ખર્ચે ૭૩ નવા કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યોમાં શિક્ષણ, શહેરી વિકાસ અને ગ્રામીણ માળખાગત સુવિધાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં રોડ, ગટરલાઈન, પ્રાથમિક શાળાના શેડ, ગરનાળાં, સ્મશાનગૃહ, પીવાના પાણીની ટાંકીઓ અને મધ્યાહન ભોજનના શેડ જેવા પાયાના ૧૫૨ જેટલા ગ્રામીણ અને શહેરી જીવનને સ્પર્શતા કામોનો સમાવેશ થાય છે, જે જિલ્લાની જનતાની સુખાકારીમાં સીધો વધારો કરશે.





વિકાસ સપ્તાહની પૂર્ણાહુતિના આ પ્રસંગે મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિકાસ યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થયા છે, જેના ભાગ રૂપે આજે સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. તેમણે સાબરકાંઠા જિલ્લામાં એક જ દિવસમાં થયેલા આ રૂ. ૩૨.૧૭ કરોડના વિકાસના મહાયજ્ઞ બદલ જનતાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે નવનિર્માણ પામેલ હિંમતનગર નગરપાલિકા કચેરીનું લોકાર્પણ કર્યું અને નગરપાલિકાને બી ગ્રેડમાંથી એ ગ્રેડમાં આવવા બદલ તથા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છ શ્રેષ્ઠ નગરપાલિકા તરીકે પ્રથમ પુરસ્કાર મેળવવા બદલ તમામ પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વધુમાં, મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોનો ચિતાર રજૂ કર્યો, જેમાં ગુજરાતના ૧૮ હજાર ગામોને ૨૪ કલાક વીજળી, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો તથા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓનો અમલ, આરોગ્ય ક્ષેત્રે આયુષ્યમાન ભારત યોજના થકી ગરીબોને રૂ. ૧૦ લાખ સુધીની સારવાર સહાય, ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતનું વિકાસ મોડલ બનવું, ખેડૂતોને આર્થિક સહાય, ટપક સિંચાઈ પદ્ધતિ અને નર્મદાના નીર કચ્છના રણ સુધી પહોંચાડવાની સિદ્ધિઓ સામેલ છે. તેમણે ૫૪ કરોડ જન ધન ખાતા, કોરોના કાળમાં ૮૦ કરોડ લોકોને મફત ભોજન તેમજ આવાસ યોજના જેવી ઉત્કૃષ્ટ યોજનાઓ થકી ગરીબની જરૂરિયાતોને સમજવા બદલ સરકારની સંવેદનશીલતા વ્યક્ત કરી હતી. ભારતના ભવ્ય ભૂતકાળને યાદ કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત 'સોને કી ચીડિયા' ગણાતો હતો અને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી આપણે સમગ્ર વિશ્વને પરિવાર માનીએ છીએ. તેમણે નાગરિકોને વડાપ્રધાન શ્રી દ્વારા જીએસટી દરમાં ઘટાડાના નિર્ણય થકી સામાન્ય લોકોને થયેલા ફાયદા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમાપનમાં, મંત્રીશ્રીએ દેશના વિકાસ માટે સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું કે, ×આપણે સૌ સ્વદેશી વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખીએ, પાણી - વીજળીનો બચાવ કરીએ, સારું શિક્ષણ, ટેકનોલોજી અપનાવી અને 'એક પેડ મા કે નામ' થકી પર્યાવરણનું જતન કરીએ.×

આ પ્રસંગે ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં નગરપાલિકાના વિકાસમાં સરકારની સહાય, જીએસટી ઘટાડવા બદલ વડાપ્રધાનશ્રીનો આભાર અને સ્પીનિંગ મિલના વર્ષો જૂના પ્રશ્નને હલ કરવા બદલ મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉપસ્થિત સૌ કોઈને સ્વદેશી વસ્તુઓ ખરીદવા માટે પ્રોત્સાહિત કર્યા અને જણાવ્યું કે સરકારે સાબરકાંઠાના આંગણે વિકાસના દ્વાર ખોલ્યા છે. આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત કુપોષિત બાળકોને પોષણ કીટ અપાઈ હતી, અને મંત્રીશ્રીએ હિંમતનગર ટાવર ચોક પાસે બજારમાં સ્થાનિક કારીગરો દ્વારા બનાવેલ દિવડાઓની ખરીદી કરીને સ્વદેશી અને નાના કારીગરો દ્વારા બનાવેલ વસ્તુઓની ખરીદી કરવા લોકોને પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, રાજ્ય સભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ શ્રી વિમલ ઉપાધ્યાય, જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા શ્રી ડૉ. પાર્થ રાજસિંહ ગોહિલ, અધિક નિવાસી કલેકટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા, પૂર્વ સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શ્રી જે.ડી. પટેલ, શ્રી વિજય પંડ્યા, સિદ્ધાર્થ પટેલ, મહિલા અગ્રણી શ્રી કુ. કૌશલ્યાકુંવરબા સહિત નગરપાલિકાના સદસ્યો, સ્ટાફ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અનોખી રીતે પોતાના ગુરુને વિદાય આપી**

# જડિયા વિવેકાનંદ, વિદ્યાલય ખાતે કનુભાઈ ખરાડી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા

## સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં કનુભાઈ ખરાડીનું અમૂલ્ય યોગદાન

(ગરવી તાકાત) ધાનેરા તા.૧૫

ધાનેરા તાલુકાના જડિયા ખાતે સરહદી વિસ્તારમાં આવેલી વિવેકાનંદ વિદ્યાલયનું અનોખું મહત્ત્વ રહેલું છે. તાજેતરમાં છેલ્લા ૩૦ કરતા વધુ વર્ષોથી જડિયા હાઈસ્કુલ ખાતે શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવી રહેલા કનુભાઈ ખરાડીનો વિદાય સમારંભ યોજાયો હતો અને જડિયા ગામ અને આજુબાજુ ગામના આગેવનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાવભરી વિદાય આપી હતી. કનુભાઈ ખરાડી માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અનોખી રીતે જાણે લાગણીનો તાર બંધાયેલો હોય એવી રીતે ગત રવિવારના દિવસે જડિયા હાઈસ્કુલ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે ફૂટબોલ રમીને વિદાય આપી હતી અને શાળા સમયે ભણતા હતા તે દિવસો યાદ કરીને સ્મરણો તાજ કર્યા હતા.



જડિયા વિવેકાનંદ વિદ્યાલય,જડિયા સરહદી વિસ્તારમાં શિક્ષણ માટેની પરબ કહેવાય છે અને અનેક વિદ્યાર્થીઓનું ઘડતર થયું છે. કનુભાઈ ખરાડીએ અનેક સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું છે અને ગત રવિવારના દિવસે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ફૂટબોલ રમીને ભવ્ય વિદાય આપી હતી. વિદ્યાર્થીઓએ શાળા સમયના પોતાના સ્મરણો યાદ કર્યા હતા અને કનુભાઈ ખરાડીએ શિક્ષક તરીકે ૩૦ વર્ષ કરતા વધુ સમય જડિયા હાઈસ્કુલમાં આપેલી સેવાને બિરદાવી હતી અને આગળના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. કનુભાઈ ખરાડીએ રમત-ગમ્મતના શિક્ષક તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું છે અને તેમના હાથ નીચે અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તૈયાર થયા હતા અને અવનવા ક્ષેત્રમાં પોતાનું પ્રદાન કરી રહ્યા છે.

તમામ વિદ્યાર્થીઓએ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કનુભાઈ ખરાડીએ આપેલી સેવાને હંમેશા માટે યાદ રાખશે.

# ઓગડ તાલુકાના થરા માર્કેટ યાર્ડ ખાતે પ્રબુદ્ધ સંમેલન જન જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) થરા તા.૧૫

ઓગડ તાલુકાના થરા માર્કેટ યાર્ડ ખાતે ભાજપ કાંકરેજ દ્વારા પ્રબુદ્ધ સંમેલન યોજાયું હતું.

જેમાં પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર,જિલ્લા ભાજપ અધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેન ડાહ્યાભાઈ પીલીયાતર, માર્કેટયાર્ડના ચેરમેન ઈશ્વરભાઈ પટેલ,કિરીટભાઈ ઠક્કર,જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢા, પાલિકા પૂર્વ પ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા, બનાસ ડેરીના ડિરેક્ટર બાબુભાઈ ચૌધરી, કરણસિંહ વાઘેલા, સહિત જિલ્લા અને તાલુકાના ભાજપના અગ્રણીઓ તથા પ્રભુત્વ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




કાર્યક્રમ દરમિયાન નંદાજી ઠાકોરનાજણાવાયું હતું કે જીવન જરૂરીયાતવાળી અનેક વસ્તુઓ જેમ કે દૂધ, પનીર,પેપર- નોટબુક દવાઓ, વીમા પ્રીમિયમ, સસ્તાં કપડાં વગેરે હવે જીએસટી મુક્ત અથવા ૫% દર હેઠળ લાવવામાં આવી છે. જીએસટીમાં થયેલા આ ફેરફારથી ખેડૂતો, મજૂરો અને ગ્રામ્યપરિવારોએ દરરોજ વપરાતી વસ્તુઓ પર વધુ ખર્ચ કરવો ન પડે,તે રૂપે સીધો લાભ મળશે.સાથે જ સ્થાનિક વ્યાપારીઓ અને ઉદ્યોગ કારોને ઉત્પાદનમાં પ્રોત્સાહન મળશે.

મુખ્ય અતિથિઓએ આ ઉપક્રમે આપેલ પ્રવચનમાં કહ્યું કે મોદી સરકાર દ્વારા લોકહિતના લક્ષ્ય સાથે જીએસટી વ્યવસ્થાને સરળ અને ગ્રાહકમૈત્રી બનાવવાનો પ્રયત્ન થયો છે.આ સુધારણાઓ નો સીધો અસર ગ્રામ્ય ભારત પર દેખાશે, જ્યાં ખેડૂત અને મજૂર વર્ગ જીવન જરૂરિયાતની વસ્તુઓ વપરાય છે પ્રબુદ્ધ સંમેલન દ્વારા તાલુકા સ્તરે કાર્યકરો અને નાગરિકોને આ નવા જીએસટી દર વિશે જાગૃત કરી ગ્રાહકોને ફાયદો કેવી રીતે મળશે તે વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

**તાલુકા કક્ષાનો 'તાલુકા સ્વાગત કાર્યક્રમ' ૨૯ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ યોજાશે**

# તાલુકા સ્વાગતમાં જિલ્લાના વર્ગ-૧ કક્ષાના અધિકારી લાયઝન અધિકારી તરીકે હાજર રહેશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહેસાણા નિવાસી અધિક કલેકટરશ્રી જે. કે. જેગોડાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર લોકોની ફરીયાદોના નિરાકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ જે તે તાલુકા કક્ષાએ "તાલુકા સ્વાગત કાર્યક્રમ" તા. ૨૯/૧૦/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

આ કાર્યક્રમ અન્વયે મહેસાણા જિલ્લાના તાલુકાઓના જે લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ પોતાના પ્રશ્નો ×તાલુકા સ્વાગત× માટે સબંધિત મામલતદારશ્રીની કચેરીમાં પોતાના પ્રશ્નો કચેરી કામકાજના સમય દરમિયાન રજુ કરી શકશે.

તાલુકા સ્વાગતમાં જિલ્લા કક્ષાના વર્ગ-૧ કક્ષાના અધિકારીશ્રી તરીકે મહેસાણા તાલુકા માટે મહેસાણા પ્રાંત અધિકારીશ્રી, વિસનગર તાલુકા માટે વિસનગર પ્રાંત અધિકારીશ્રી,વડનગર તાલુકા માટે મહેસાણા જિલ્લા પંચાયત નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ( પંચાયત ), ખેરાલુ તાલુકા માટે ખેરાલુ પ્રાંત અધિકારીશ્રી,સતલાસણા તાલુકા માટે ધરોઈ વિભાગ કાર્યપાલક ઈજનેરશ્રી,ઊંઝા તાલુકા માટે મહેસાણા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, વિજાપુર તાલુકા માટે મહેસાણા નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી, કડી તાલુકા માટે કડી પ્રાંત અધિકારીશ્રી, બેચરાજી તાલુકા માટે મહેસાણા નાયબ વન સંરક્ષકશ્રી, જોટાણા તાલુકા માટે મહેસાણા નાયબ ખેતી નિયામકશ્રી (વિ) લાયઝન અધિકારી તરીકે હાજર રહેશે.

આ માટે, કર્મચારીઓની નોકરી બાબતના પ્રશ્નો, કોર્ટ કેસો, ન્યાયીક કે અર્ધ ન્યાયીક બાબતો ચાલુ હોય તેવા પ્રશ્નો તેમજ અગાઉ રજુ કરેલ પ્રશ્નો પુનઃ રજુ કરી શકાશે નહી. આ માટેના પ્રશ્ન અંગેની અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" અંગેનો પ્રશ્ન તેમ લખાણ કરવાનું રહેશે.

# ઓગડ તાલુકાના તાણા ગ્રામપંચાયત ના સરપંચ પદે દશરથલાલ ઈશ્વરલાલ ઠક્કર એ સંભાળ્યો ફરી ચાર્જ

(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૫

ઓગડ તાલુકાના તાણા ગ્રામપંચાયત ના સરપંચ તરીકે દશરથલાલ ઈશ્વરલાલ ઠક્કર ની તારીખ ૧૯/૧/૨૦૨૨ના રોજ ચૂંટાઈ આવ્યા હતા ત્રણ વર્ષ સરપંચ પદ સંભાળ્યા બાદ તા ૪/૪/૨૦૨૫.માં દશરથલાલ ઈશ્વરલાલ ઠક્કર ને તેમની વિરૂધ્ધ અવિશ્વાસ દરખાસ્ત થતા તેમને સરપંચ પદ થી તેમને સસ્પેન્ડ કરવામા આવતા દસરથલાલ ઠક્કર એ ગુજરાત હાઈકોર્ટ માં ન્યાય માટે અપીલ દાખલ કરતા તેમની તરફ હાઈકોર્ટ એ દશરતલાલ ઠક્કર તરફ ચુકાદો આવતા તારીખ ૩/૧૦/૨૦૨૫ ના રોજ તાણા ગ્રામપંચાયત માં સરપંચ પદનો હુકમ કરવામાં આવતા આજ રોજ



તા૧૪/૧૦/૨૦૨૫ વાર મંગળવાર ના રોજ તાલુકા વિકાસ અધિકારી પાસે થી સરપંચ પદ નો ઓડર્ર મેળવી ૧૨.૩૯ મીનીટે તાણા ચામુંડા માતાજી ના દર્શન કરી વિજય શુભ મુર્હતે શાસ્ત્રી હિતેષભાઈ પંચોલી ના મુખારવંદે મંત્રોઉચ્ચાર થી પૂજન કરી સરપંચ પદ નો ચાર્જ સંભાળ્યો હતો આ પ્રસંગે સમગ્રહ તાણા નગરજનો ઉપસ્થિત રહી દશરથલાલ ઠક્કર ને કંકુ ચાંદલા થી તિલક કરી ફુલહાર પહેરાવીને મો મીઠું કરાવીને આવકાર્યા હતા

## સંક્ષિપ્ત સમાચાર

### સરકારે ૧૬મા નાણાપંચનો કાર્યકાળ 30 નવેમ્બર સુધી લંબાવ્યો

નવીદિલ્હી,તા.૧૫

સરકારે ૧૬મા નાણાપંચનો કાર્યકાળ એક મહિનો વધારીને ૩૦ નવેમ્બર કર્યો છે. તેની રચના ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી. તેના અધ્યક્ષ નીતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અરવિંદ પનગરિયા હતા. આ પંચે ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરવાનો હતો. આ પંચ મુખ્યત્વે ૧ એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરના વિતરણ અંગે ભલામણો કરશે.

જારી કરાયેલા એક જાહેરનામામાં, નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે ૧૬મા નાણાપંચનો અહેવાલ રજૂ કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. આ પંચમાં ચાર સભ્યોનો સમાવેશ થાય છે, જેમાં સચિવ ઋત્વિક પાંડે, બે સંયુક્ત સચિવો અને એક આર્થિક સલાહકાર સહાય કરે છે.

નિવૃત્ત અમલદાર એની જ્યોર્જ મેથ્યુ અને અર્થશાસ્ત્રી મનોજ પાંડા કમિશનના પૂર્ણ-સમયના સભ્યો છે.એસબીઆઇ ગ્રુપના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષ અને RBIના ડેપ્યુટી ગવર્નર ટી. રવિશંકર પાર્ટ-ટાઈમ સભ્યો છે. આયોગ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કર વિનિમય અને મહેસૂલ વૃદ્ધિ માટે પગલાં સૂચવશે. વધુમાં, આયોગ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ સ્થાપિત ભંડોળના સંચાલન અને ધિરાણ માટેની વર્તમાન વ્યવસ્થાઓની સમીક્ષા કરશે. નાણા પંચ એક બંધારણીય સંસ્થા છે જે કેન્દ્ર-રાજ્ય નાણાકીય સંબંધો પર ભલામણો કરે છે.

એન.કે. સિંહની અધ્યક્ષતામાં અગાઉના ૧૫મા નાણા પંચે ભલામણ કરી હતી કે રાજ્યોને ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કેન્દ્રીય વિભાજ્ય કર પૂલનો ૪૧ ટકા હિસ્સો મળે. અગાઉ, વાય.વી. રેડ્ડીના નેતૃત્વ હેઠળના ૧૪મા નાણા પંચે સમાન હિસ્સો નક્કી કર્યો હતો.

**સ્વસહાય જુથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ ખરીદવાની ઉત્તમ તક**

### જિલ્લા પંચાયત સભાખંડ ખાતે સખી દિપાવલી ઉત્સવ મેલા ૨૦૨૫ યોજાશે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન સાબરકાંઠા દ્વારા આયોજિત સખી દિપાવલી ઉત્સવ મેલા ૨૦૨૫ યોજાશે.રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત કાર્યરત સ્વ સહાય જૂથોની મહિલાઓને તેઓ ધ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું વેચાણ થાય તે હેતુથી તારીખ-૧૬ ઓકટોમ્બર ૨૦૨૫ ગુરુવાર ના રોજ સ્થળ સભાખંડ, સાબરકાંઠા જિલ્લા પંચાયત ખાતે સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી સખી દિપાવલી મેલા-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ઉપસ્થિત રહી દિવાળી પર્વને અનુરૂપ ચીજવસ્તુઓની ખરીદી કરી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા તેમજ સ્વસહાય જુથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ ખરીદવા નિમંત્રણ છે.એમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાબરકાંઠા હિંમતનગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

**વિકાસ સપ્તાહ અંતર્ગત પશુ આરોગ્ય કેમ્પોનું આયોજન કરાયું**

### જિલ્લામાં કુલ ૨૦૧૬ પશુઓને નિઃશુલ્ક સારવાર તેમજ ૧૫૦ પશુઓને રસી આપવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

વિકાસ સપ્તાહ - ૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે ગતરોજ વિજાપુર ખાતે આયોજિત જિલ્લા કક્ષાના 'કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૫' દરમિયાન તાલુકા દીઠ ૦૧ મળી કુલ ૧૦ પશુ આરોગ્ય કેમ્પ કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૨૦૧૬ પશુઓને નિઃશુલ્ક સારવાર તેમજ ૧૫૦ પશુઓને રસી આપવામાં આવી હતી.

વધુમાં રવિ કૃષિ મહોત્સવ સ્થળે નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા સહિત મહાનુભાવોના ના હસ્તે ૨૭ લાભાર્થીઓને કુલ રૂ. ૩૮૮૧૦૦/- ની સહાય અર્થે મંજુરી/સહાય હુકમ આપવામાં આવ્યા હતા.

### ખેડૂતોમાં રોષઃડીસામાં ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ નહીં કરાતાં ખેડૂતોનો હોબાળો

ડીસા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ ન કરાતાં મંગળવારે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને ખેડૂતોએ ભારે હોબાળો મચાવ્યો હતો.જો સરકાર તાત્કાલિક ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો શરૂ કરે, નહીં તો આંદોલનને વધુ તીવ્ર બનાવવાની ચીમકી આપવામાં આવી હતી.

સરકારે મગફળીના ટેકાના ભાવ જાહેર કર્યા હોવા છતાં ખરીદી કેન્દ્રો શરૂ ન થતાં ખેડૂતોમાં ભારે રોષ છવાયો છે. મોટી સંખ્યામાં ખેડૂતો અને આપના કાર્યકર્તાઓએ માર્કેટ યાર્ડ પ્રાંગણમાં એકત્ર થઈ ઉગ્ર રજૂઆત કરી હતી કે ટેકાના ભાવે મગફળીની ખરીદી તાત્કાલિક શરૂ કરવામાં આવે.

ખેડૂતોનું કહેવું હતું કે નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા છતાં ખરીદી શરૂ ન થતાં તેઓને પોતાની મગફળી ખુલ્લા બજારમાં ઓછી કિંમતે વેચવાની ફરજ પડી રહી છે, જેના કારણે ભારે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આમ આદમી પાર્ટીના નેતાઓએ ખેડૂતોની આ નારાજગીમાં સહભાગી બની તંત્ર સમક્ષ માંગણી કરી હતી.

Volume : 11 Issue : 183 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002